**વડોદરાના મે. ચોથા એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, વડોદરા.**

**ફો.કેસ.નં. ૮૧૬૭ /૨૦૧૭**

**આંક–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : શકરીબેન કે માળી**

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ એ મુજબ.**

**–:ચુકાદો:–**

૧. સદર કામે આરોપી સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ–૨૦૧૬ની કલમ– **૬૫ એ એ** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, સમન્સ કરતા, આજરોજ સ્પે. સીટીંગનાં પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ હોય ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે. આરોપી ધ્વારા આચરવામાં આવેલ પ્રથમ ગૂનો હોય ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709***નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો,

હાલનાં જે આરોપી ધ્વારા કબુલાત કરવામાં આવે છે. સદર ગુનામાં આરોપી પાસેથી ૧૦ લીટર કરતા ઓછો દેશી દારૂ મળી આવેલ હોય તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઈ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

– આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની ક. ૨૪૧ મુજબ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂા.૧૦૦/– (અંકે રુપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીઓને દિન–પની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદ્દામાલનો અગાઉ જો કોઈ વચગાળાના તબકકે હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને બાકીના મુદામાાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩, માહે–જુલાઈ, સને ૨૦૧૯ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૭/૨૦૧૯ — સહી અવાચ્ય /–

વડોદરા. — (કૃષ્ણકાંત જી. પટેલ)

ચોથા એડી. જ્યુડી. મેજી. ફ.ક., વડોદરા.

યુનીક કોડ નં. જીજે૦૧૨૮૫